# ટ્રાઈકોગ્રામા ચીલોનીસ– ખેતી પાકોની જીવાતોનું અસરકારક પરજીવી

- ટ્રાઈકોગ્રામા એ જીવાતની ઈંડા અવસ્થાનું પરજીવીકરણ કરતી પરજીવી ભમરી છે. આ જીવાત લીલી ઈયળ (હેલીકોવર્પા–બહુભોજી જીવાત), શેરડીમાં નુકશાન કરતા તમામ વેધકો, ડાંગરની ગાભમારાની ઈયળ, શાકભાજીની ઈયળો, કપાસની જીંડવા કોરનારી ઈયળો, લશ્કરી ઈયળ (પ્રોડેનીયા) તેમજ દિવેલાની ઘોડીયા ઈયળ સામે ખુબજ અસરકારક માલુમ પડેલ છે.
- ટ્રાઈકોગ્રામા ટ્રાઈકોકાર્ડ સ્વરૂપે મળે છે. આ ટ્રાઈકોકાર્ડમાંથી નીકળતી માદા ભમરી ખેતી પાકોમાં નુકશાન કરતા રોમપક્ષ વર્ગના કીટકોના ઈંડામાં પોતાના ઈંડા મૂકી નુકશાનકારક જીવાતના ઈંડાનો નાશ કરે છે.
- **ટ્રાઈકોકાર્ડ વાપરવાની રીત** : ટ્રાઈકોકાર્ડમાં દર્શાવ્યા મુજબ ૮ ભાગ કરી દરેક ભાગને ૧૫ × ૧૫ મીટરના અંતરે પાકમાં પાનની નીચેની બાજુ ટ્રાઈકોકાર્ડનો ભાગ રાખી સ્ટેપલ ની નીશાની દર્શાવેલ છે તે મુજબ સ્ટેપલ કરવું. આ પ્રમાણે હેકટરે ૫ થી ૬ ટ્રાઈકોકાર્ડ દર ૧૫ દિવસના અંતરે છોડવા.

❖ **ટ્રાઈકોકાર્ડની અસરકારકતા વધારવા માટે નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે આવેલ કીટકશાસ્ત્ર વિભાગ દ્વારા નીચે મુજબની બાબતો ધ્યાનમાં લેવા માટે ભલામણ કરવામાં આવેલ છે.**


- ટ્રાઈકોકાર્ડને હવાની અવરજવર મળી રહે તેવી વાંસની ટોપલી અથવા અન્ય વાહકમાં વહન કરવું.
- ટ્રાઈકોકાર્ડ પર દર્શાવેલ તારીખ સુધીમાં કે તે પહેલા કાર્ડનો ઉપયોગ કરી પરજીવી છોડી દેવા.
- ટ્રાઈકોકાર્ડને સવાર અથવા સાંજના સમયે ખેતરમાં છોડવા.
- ટ્રાઈકોકાર્ડને સીધો સુર્યપ્રકાશ ન લાગે તે રીતે ઈંડા જમીન તરફ રહે તેમ પાન ઉપર સ્ટેપલ કરવા.
- ટ્રાઈકોગ્રામા છોડવાના અઠવાડીયા પહેલા અને છોડયાના અઠવાડીયા બાદ ખેતરમાં જંતુનાશક દવાનો ઉપયોગ ટાળવો.
- કાર્ડને છોડયા પહેલા ભમરી નીકળવાની શરૂઆત થઈ જાય તો બરણીનું મોઢુ ખુલ્લું રાખી હલાવીને ધીરે ચાલીને ભમરી છોડવી.
- આ અંગેની વધુ માહિતી તથા કાર્ડ મેળવવા માટે નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે કાર્યરત જૈવિક નિયંત્રણ પ્રયોગશાળા, કીટકશાસ્ત્ર વિભાગનો સંપર્ક કરવો.




પરજીવીકરણ થયેલ ટ્રાઈકોકાર્ડ




ટ્રાઈકોકાર્ડના આઠ ટુકડા કરવા



ટ્રાઈકોકાર્ડના ટુકડાને પાનની નીચેની બાજુએ સ્ટેપલ કરવું